પ્રધાનમંત્રી
આવાસ યોજના...
સૌને આવાસ...

EWS - Economically Weaker Section

પ્રધાનમંત્રી આવાસ યોજના
વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને આવાસ...

ફોર્મ અને માહિતી પત્રિકા

ટાઉન પ્લાનીંગ વિભાગ
ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર.

Scanned by CamScanner

વિગત	સાઇઝ (મીટર)	સાઇઝ (ફુટ)
લિવીંગ રૂમ	૨.૮૫ × ૩.૩૦	૯'૪'' × ૧૦'૯''
બેડ રૂમ	૩.૦૦ × ૨.૬૨	૧૦'૦'' × ૮'૬''
કપબોર્ડ	૧.૯૭ × ૦.૪૫	૬'૬'' × ૧'૬''
કિચન	૧.૯૫ × ૨.૩૫	૬'૬'' × ૭'૯''
વોશ	૧.૮૫ × ૦.૯૩	૬'૦'' × ૩'૦''
ડબલ્યુ.સી.	૧.૦૦ × ૧.૦૦	૩'૩'' × ૩'૩''
બાથ	૧.૦૦ × ૧.૮૭	૩'૩'' × ૬'૦''



- કાર્પેટ એરીયા : ૨૯.૬૦ ચો.મી.
- બિલ્ટ અપ એરીયા : ૩૪.૮૦ ચો.મી.
- કુલ યુનીટ : ૨૪૮૯

યોજનાની મુખ્ય વિશેષતાઓ :

(૧) આકર્ષક એલીવેશન
(૨) ભુકંપ પ્રતિરોધક બાંધકામ
(૩) વિટ્રીફાઇડ ટાઇલ્સનું ફ્લોરીંગ
(૪) ગ્રીન માર્બલનું કીચન પ્લેટ ફોર્મ
(૫) પાઉડર કોટેડ એલ્યુમીનીયમ ગ્લાસ સ્લાઇડીંગ વિન્ડોઝ
(૬) મુખ્ય દરવાજો બન્ને સાઇડ લેમીનેટ શીટનો ફ્લશડોર
(૭) કેમ્પસમાં પાકા રસ્તા
(૮) પાર્કિંગમાં તેમજ અન્ય તમામ જરૂરી જગ્યાએ પેવર બ્લોકનું પેવીંગ
(૯) નિયમ મુજબ સ્ટાન્ડર્ડ કંપનીની લીફટની સગવડ.

NOTE : This is the typical floor plan. The number of lifts, passage width, stair width, etc. common facilities will change in various plots. However, internal planning of dwelling unit will remain same.

Scanned by CamScanner

ફોર્મ કિંમત રૂા. ૫૦/-

પ્રધાનમંત્રી આવાસ યોજના

ફોર્મ નંબર : PA

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન, ભાવનગર.

ઘર માટેનું અરજી પત્રક

ઈ. ડબલ્યુ. એસ.-૧

અરજદારનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો ચોંટાડી ઉપર આડી સહી અરજદારશ્રીએ કરવાની રહેશે.

(ફોટો સ્ટેપલ કરવો નહીં) જુઓ સુચના નં. ૬

* નિશાની કરેલ વિગત ફોર્મમાં લખવી ફરજીયાત છે. (ટીક કરવું ✓)

અનુસૂચિત જાતિ	અનુસૂચિત જન જાતિ	બક્ષીપંચ	અંધજન/અપંગ	ડીફેન્સ	જનરલ

ઉપરોક્ત વિગતમાં ટીક ✓ ખુબ જ સમજી-વિચારી સાચી હકીકત હોય તે મુજબનું કાળજીપૂર્વક ટીક ✓ કરવી.

* અરજદારનું પુરું નામ : (શ્રીમાન/શ્રીમતી/કુમારી) : ____________________

(આધારકાર્ડ મુજબનું નામ લખવાનું રહેશે)

* પિતા/પતિનું નામ : (શ્રીમાન) ____________________

(આધારકાર્ડ મુજબનું નામ લખવાનું રહેશે)

* અરજદારનું હાલનું સરનામું : ____________________

____________________ પીન કોડ નંબર ________

* અરજદારનું પત્ર વ્યવહાર માટેનું કાયમી સરનામું ____________________

____________________ પીન કોડ નંબર ________

* મોબાઈલ નંબર (આધારકાર્ડ સાથે આપવામાં આવેલ હોય તે નંબર) : ____________________
* આધાર-કાર્ડ નંબર ૧. અરજદારનું : ____________________

૨. અરજદારના પતિ/પત્ની/પિતા : ____________________

* અરજદારનો ધંધો / નોકરી : ____________________
* પેઢી / સંસ્થાનું નામ : ____________________
* પેઢી /સંસ્થાનું સરનામું : ____________________

____________________ પીન કોડ નંબર ________

* રહેણાંકનાં પુરાવા માટે કોઈ પણ એક પુરાવો માન્ય ગણાશે. (પુરાવાનો નંબર સબંધિત ખાનામાં દર્શાવવો)

ચુંટણી મતદાર કાર્ડ નં.	ડ્રાઈવીંગ લાયસન્સ નં.	આધાર કાર્ડ નં.	રેશન કાર્ડ નં.	અન્ય નં.

* ઓળખનાં પુરાવા માટે કોઈ પણ એક પુરાવો માન્ય ગણાશે. (પુરાવાનો નંબર સબંધિત ખાનામાં દર્શાવવો)

ચુંટણી મતદાર કાર્ડ નં.	ડ્રાઇવીંગ લાયસન્સ નં.	આધાર કાર્ડ નં.	પાનકાર્ડ નં.	અન્ય નં.

* કુલ કૌટુંબિક વાર્ષિક આવક રૂા. .... (જુઓ સુચના નં. ૨)

NOT FOR SALE

Scanned by CamScanner

✲ અરજદારનાં કુટુંબના સભ્યોની વિગત : (જુઓ સુચના નં. ૫)

અ.નં.	પુરું નામ	ઉંમર	અરજદાર સાથેનો સંબંધ
૧			
૨			
૩			
૪			
૫			
૬			
૭			

✲ અરજદારના બેંક ખાતાની વિગત : (આધારકાર્ડ સાથે લીંક થયેલ હોય તે બેંક ખાતાની વિગત)

બેંક ખાતા નંબર : ____________________

બેંકનું નામ : ____________________

શાખા : ____________________

IFSC કોડ : ____________________

✲ અરજદારનાં કે તેના કુટુંબના કોઈપણ સભ્યના નામે પોતાની માલિકીનું મકાન છે ? જો હા તો તેની વિગત આપવી.

સરનામું : ઘર/ફ્લેટ નં. ____________ મહોલ્લા/શેરી/સોસાયટી ____________

ગામ/શહેર : ____________ જિલ્લો : ____________ પીન કોડ નં. : ____________

અરજદારનાં કે તેના કુટુંબના કોઈપણ સભ્યના નામે પોતાની માલિકીની જમીનનો પ્લોટ છે ? જો હા તો તેની વિગત આપવી.

જમીન : ____________ (વાર. ચો.ફુ.) ગામ શહેર : ____________

જિલ્લો : ____________ પીન કોડ નંબર: ____________

✲ નોમીનીનું પુરૂ નામ અને સરનામું : ____________________

અરજદાર સાથેનો સંબંધ : ____________________

✲ ફોર્મ સાથે ભરવાની ડીપોઝીટની વિગત :

(અ) રકમ રૂા. ૭,૫૦૦/- (સાત હજાર પાંચસો પુરા)

(બ) ડી.ડી./પે ઓર્ડર ____________ તા. / / ૨૦

(ક) બેંકનું નામ : ____________________

નોંધ : (ડી.ડી./પે ઓર્ડર ''મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ભાવનગર'' નાં નામનો લાવવાનો રહેશે.)

Scanned by CamScanner

પરિશિષ્ટ - ૧

અ.નં.	સ્થળનું નામ	સ્થળનો કોડ	આવાસોની અંદાજીત સંખ્યા	ફ્લોરની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	ટી.પી. સ્કીમ નં. ૨/એ ફુલસર, ફા. પ્લોટ - ૧૬, આખલોલ જકાતનાકા સામે, સંસ્કાર વિદ્યાલયથી આગળ, સ્વપ્ન સાકારની પાસે, ભાવનગર.	EWS 1	૮૯૬	Parking +8
૨	ટી.પી. સ્કીમ નં. ૨/બી, ફુલસર, ફા. પ્લોટ -૩૨, કલ્યાણનગરની બાજુમાં, ૧૮.૦૦ મીટર ફુલસર રોડ, ભાવનગર.	EWS 2	૨૫૬	Parking +8
૩	ટી.પી. સ્કીમ નં. ૦૩, રૂવા ફા. પ્લોટ - ૯૮, ફાતીમા કોન્વેન્ટની પાછળ, સાગર પાર્ક પાછળ, ઘોઘા રોડ, ભાવનગર.	EWS 3	૧૦૫	Parking +5
૪	ટી.પી. સ્કીમ નં. ૦૩, રૂવા ફા. પ્લોટ - ૧૦૯, વી.પી. સોસાયટી સામે, જોગર્સ પાર્ક સામે, એરપોર્ટ રોડ, સુભાષનગર, ભાવનગર.	EWS 4	૭૨૮	Parking +7
૫	ટી.પી. સ્કીમ નં. ૦૮, રૂવા ફા. પ્લોટ - ૩૩, માનસ શાંતિ પાર્ક સામે, બાલા હનુમાન પાસે, એરપોર્ટ રોડ, ભાવનગર.	EWS 5	૫૦૪	Parking +7
	કુલ...		**૨૪૮૯**	

✻ અરજદારે ઉપર દર્શાવ્યા મુજબના સ્થળોની પસંદગીની અગ્રિમતા નીચે જણાવવાની રહે છે.

જે સ્થળે પસંદગી મેળવવાની છે તેનો ક્રમ નંબર	જે સ્થળે પસંદગી જોઈએ છે તે સ્થળનો કોડ નંબર
પ્રથમ પસંદગી	
બીજી પસંદગી	
ત્રીજી પસંદગી	
ચોથી પસંદગી	
પાંચમી પસંદગી	

✻ આ યોજનાનાં અનુસંધાને મકાન મેળવવાના ડ્રોમાં સફળ થયા બાદ ભા.મ્યુ.કોર્પો. જ્યારે પણ આગળની ભરવાપાત્ર રકમ ભરવાનું જણાવે, તે રકમ ભરવા હું તૈયાર છું અને જો આ રકમ ભરવામાં હું નિષ્ફળ રહું તો આ સાથે ભરેલ રકમ જપ્ત થશે અને મારી આવાસની ફાળવણી રદ થશે જે મને કબુલ મંજુર છે.

✻ આ યોજનાનાં અનુસંધાને મકાન મેળવવાના ડ્રોમાં સફળ થયા બાદ ભા.મ્યુ.કોર્પો. જ્યારે પણ રજુ કરેલા આધારોની ખરાઈ કરવા માટે ઓરીજનલ આધાર જોવા માટે મંગાવવામાં આવે ત્યારે અવશ્ય રજુ કરીશ. અને જો આ આધારો રજુ કરવામાં હું નિષ્ફળ રહીશ તો મારી આવાસની સાથે ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત થશે અને મારી આવાસની ફાળવણી રદ થશે જે મને કબુલ મંજુર છે.

(અરજદારની સહી)

Scanned by CamScanner

-:: શરતો ::-

(૧) અરજી સાથે ભરવાની ડીપોઝીટની રકમ :- રૂા. ૭,૫૦૦/- (સાત હજાર પાંચસો પુરા)

(૨) મકાનની કુલ કિંમતના ઓછામાં ઓછા ૨૦% રકમ (અરજી સાથે ભરપાઈ કરેલ ડીપોઝીટ બાદ કરતાં બાકીની રકમ) ડ્રોમાં સફળ થયા બાદ ભા.મ્યુ.કોર્પો. જણાવે ત્યારે અરજદારે એક માસમાં ભરવાની રહેશે. ત્યારબાદ બાકી રહેતી ૮૦% રકમના એક સરખા દસ (૧૦) (ઇન્સ્ટોલમેન્ટ) માસિક કરી ભા.મ્યુ. કોર્પો. જણાવે તે મુજબ જમા કરાવવાના રહેશે. તે ઉપરાંત છેલ્લા ઈન્સ્ટોલમેન્ટ સાથે રૂા. ૨૫,૦૦૦/- મેન્ટેનન્સ ડીપોઝીટ તથા અન્ય ચાર્જીસ પણ ભરપાઈ કરવાના થશે.

(૩) ઉપરોક્ત શરત નં. ૨ મુજબની વિગતો પ્રમાણે અને ભા.મ્યુ.કોર્પો. દ્વારા લેખિત માં જાણ કર્યા મુજબથી આ યોજનાના ઈન્સ્ટોલમેન્ટની રકમ લાભાર્થી દ્વારા સમયસર ભરપાઈ કરવામાં નહીં આવે તો લાભાર્થીને કોઈ પણ પ્રકારની લેખિત જાણ કર્યા વગર તેઓનું ફાળવેલ આવાસ રદ્દ કરવામાં આવશે તેમજ ભરપાઈ કરેલ ઈન્સ્ટોલમેન્ટની રકમ જપ્ત કરવાની કાર્યવાહી કરવા માટે ભાવનગર મહાનગરપાલિકાનો અબાધિત હકક રહેશે. જે માટે લાભાર્થી દ્વારા કોઈ વાંધો કે તકરાર ઉઠાવવાની રહેશે નહીં.

(૪) આવાસ યોજનાના મકાનોની ફાળવણી થાય ત્યાં સુધી અરજદારે મકાનની નક્કી થયેલ પૂરેપૂરી કિંમત ભરપાઈ કરવાની રહેશે. ત્યારબાદ જ અરજદારને તેમને ફાળવવામાં આવેલ મકાનનો કબજો સોંપવામાં આવશે.

(૫) કુટુંબની વાર્ષિક આવક રૂા. ૩,૦૦,૦૦૦/- સુધી (કુટુંબ એટલે પતિ, પત્ની, સગીર બાળકો તથા આશ્રિત) હોય તેવા અરજદારો જ પાત્ર થશે. આવકની ખોટી એફીડેવીટ રજુ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

(૬) કુટુંબ દીઠ એક જ અરજીપત્રક ભરવાનું રહેશે / કુટુંબ દીઠ એક જ મકાન ફાળવવામાં આવશે. કુટુંબ દીઠ જો એક કરતા વધારે ફોર્મ ભરવામાં આવેલ હશે અને તેઓ કોમ્પ્યુટર ડ્રો માં સફળ થયેલા હશે તો કુટુંબનાં કોઇ એક વ્યક્તિનું આવાસ માન્ય રાખી બાકીનાં આવાસો રદ કરી, ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૭) કુટુંબના કોઈપણ સભ્યના નામે ભારત ભરમાં પોતાના માલિકીનું મકાન / પ્લોટ / જમીન હોવી જોઈએ નહીં.

(૮) અરજદારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અરજી ફોર્મ ભરતા પહેલા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કોઇપણ લાભ લીધેલ હોવાનો ભવિષ્યમાં માલુમ પડશે તો ફાળવેલ આવાસ રદ્દ કરવાનો ભાવનગર મહાનગરપાલિકાને અબાધિત હક્ક રહેશે અને ભરવામાં આવેલ રકમ પણ જપ્ત કરવામાં આવશે.

(૯) આરક્ષણ : વિનિમયો મુજબ આરક્ષિત કેટેગરી માટે મકાનો ફાળવવા નીચે મુજબ આરક્ષણ ફાળવવામાં આવેલ છે. અને પ્રમાણપત્ર ભા.મ્યુ.કોર્પો. મંગાવે ત્યારે રજૂ કરવાનું રહેશે.

જુથ	ટકાવારી	પ્રમાણપત્ર
ડીફેન્સ	૧૦%	સેકેટરી, જિલ્લા સૈનિક બોર્ડ, ગુજરાત
અનુસૂચિત જાતિ	૭%	ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ ખાતાના અધિકારી
અનુસૂચિત જન જાતિ	૧૪%	ઉપર મુજબ
બક્ષી પંચ	૧૦%	ઉપર મુજબ
અંધજન/અપંગ અંધજન (અગ્રીમતા)	૩%	સિવિલ સર્જન ૪૦% કે તેથી વધુ હોય તેને જ લાભ મળવાપાત્ર છે.

નોંધ : સમયસર પ્રમાણપત્ર રજુ ન થાય તો અરજી રદ થવાને પાત્ર છે. આરક્ષિત કેટેગરીમાં પૂરતી અરજી ન આવે તો અન્ય આરક્ષિત કેટેગરીમાં તબદીલ થશે અને તેમાં પણ ન આવે તો જનરલ કેટેગરીમાં તબદીલ કરાશે. આ બાબતે ભા.મ્યુ.કોર્પો. નો નિર્ણય આખરી ગણાશે.

(૧૦) જે અરજદાર દ્વારા અનામત કેટેગરી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, બક્ષી પંચ) માં ફોર્મ ભરવામાં આવશે તેમના દ્વારા ગુજરાત સરકારના અધિકૃત કરેલ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિનો દાખલો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા ડીપોઝીટ જપ્ત કરી આવાસ રદ કરવામાં આવશે.

(૧૧) મકાનોની ફાળવણી કોમ્પ્યુટર ડ્રોથી કરવામાં આવશે. જે ભા.મ્યુ.કોર્પો. ના આવાસ ફાળવણી અંગેના નિયમો તથા વિનિમયો અને ધારાધોરણ પ્રમાણે કરવામાં આવશે. ડ્રો ના અંતે મકાનની ફાળવણી ન થયેલ હોઈ તેવી અરજીઓ સાથે આપવામાં આવેલ ડીપોઝીટની રકમ અરજદારને વ્યાજ વિના પરત કરવામાં આવશે.

(૧૨) બેંક મારફતે લોન મેળવવા લાભાર્થીએ આપમેળે પ્રયત્નો કરવાના રહેશે. યોજનાની લોન અંગે જરૂરી આધાર-પુરાવા ભા.મ્યુ.કોર્પો. તરફથી અરજદારની માંગણીનાં અનુસંધાને પૂરા પાડવામાં આવશે.

Scanned by CamScanner

(૧૩) આવાસની માલિકી લાભાર્થીની રહેશે. જ્યારે જમીનની માલિકી ભાવનગર મ્યુ. કોર્પો.ની રહેશે તેમજ લાભાર્થીને આવાસની ફાળવણી થયેથી ૯૯ વર્ષના ભાડા પટ્ટેથી જમીન ફાળવણી કરવા તેમજ કન્વેયન્સડીડ (દસ્તાવેજ) કરી આપવામાં આવશે. જેનો ખર્ચ અરજદારે / લાભાર્થીએ પોતે ભોગવવાનો રહેશે.

(૧૪) તમામ લાભાર્થીઓએ યુ.આઇ.ડી. (UID) માં નોંધણી કરાવવાની રહેશે તેમજ લાભાર્થીના (પતિ-પત્ની બંનેની) આધારકાર્ડની ઝેરોક્ષ (કોપી) ભા.મ્યુ.કોર્પો.માં ફરજીયાતપણે જમા કરાવવાનું રહેશે. તેમજ અરજી ફોર્મમાં બંનેના આધારકાર્ડની માહિતી અચુક ભરવાની રહેશે.

(૧૫) આ ફોર્મમાં જણાવેલ સઘળી વિગતો પૈકી જો કોઈપણ માહિતી ખોટી સાબિત થશે તો મકાનની ફાળવણી રદ કરવામાં આવશે અને ભરેલી પૂરેપૂરી રકમ જપ્ત કરવામાં આવશે તેમજ અરજદાર સામે ભા.મ્યુ.કોર્પો.દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

(૧૬) અરજદાર અરજીની તારીખે પુખ્ત વયનો હોવો જરૂરી છે એટલે કે અરજદારની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થયેલ હોવી જરૂરી છે. ઉંમર નક્કી કરવાની જરૂર પડે તેવા કિસ્સામાં શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો રજૂ કરવાનો રહેશે.

(૧૭) લાભાર્થીને આવાસનો માલીકી હક્ક આપવામાં આવશે, પરંતુ આવાસનો કબ્જો મળ્યેથી ૭ (સાત) વર્ષ સુધી લાભાર્થી દ્વારા આવાસ ભાડે કે અન્ય કોઇને રહેવા માટે આપી શકાશે નહીં તેમજ વેચી શકાશે નહીં, ફાળવવામાં આવેલ આવાસની સંયુક્ત માલિકી (પતિ-પત્ની)ની રહેશે અલબત તેમાં મહીલાનો હક્ક પ્રથમ ગણવામાં આવશે.

(૧૮) કોઇ સંસ્થા / પેઢી / ટ્રસ્ટના નામે અરજી કરી શકાશે નહીં.

(૧૯) અરજીપત્રક મેળવવાની તથા પરત કરવાની તા. ૦૫-૧૨-૨૦૧૮ થી તા. ૧૯-૦૧-૨૦૧૯ સુધીની રહેશે. ત્યારબાદ કોઈ અરજીપત્રક કે વિનંતીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.

(૨૦) આ યોજના/શરતોમાં ફેરફાર કરવા અથવા યોજના મુલત્વી રાખવાનો કમિશ્નરશ્રી, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો અબાધિત હક્ક રહેશે.

(૨૧) આ યોજનાનાં કુલ ૫ (પાંચ) સ્થળો પૈકીનાં કોઈ સ્થળ માટે અપુરતા લાભાર્થી મળતાં કે એરપોર્ટ ઓથોરીટીના Height Clearance Certificate કે અન્ય કારણોસર જે કોઈ સ્થળ પર આવાસો બનાવવાનું રદ કરવામાં આવે અથવા બિલ્ડીંગના ફ્લોર ઘટાડવામાં આવે તો, તે સ્થળ પર પસંદગી કરાયેલ લાભાર્થીને અન્ય સ્થળો પર બનાવેલ આવાસો ઉપલબ્ધ હશે તો ભાવનગર મ્યુ.કોર્પો. જે આવાસો ફાળવે તે સ્વીકારવાનાં રહેશે.

(૨૨) અરજદાર દ્વારા ફોર્મ સાથે ભરેલ ડીપોઝીટ રકમ જો તે યોજનામાં ચાલુ રહેવા માગતો ન હોય તો ડ્રો પહેલા પરત મેળવી શકશે. ડ્રો થયા પછી સફળ અરજદાર જો રીફંડની માંગણી કરે તો અરજી સાથે ભરેલ ડીપોઝીટ જપ્ત કરી ત્યારબાદ ભરેલ રકમમાંથી ૫૦% રકમ બાદ કરી બાકીની રકમ રીફંડ કરવાની રહેશે. આ રકમ ઉપર વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.

(૨૩) આ યોજના અન્વયે આવાસ તેમજ મકાન નંબરની ફાળવણી કોમ્પ્યુટર ડ્રો થી કરવામાં આવશે.

(૨૪) લાભાર્થીઓને મકાનનો વ્યક્તિગત કબજો સોંપતા પહેલા તમામ લાભાર્થીઓ દ્વારા એસોસીયેસનની રચના કરવાની રહેશે. જેના હોદ્દેદારો કોમન સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો, ગટર, સ્ટ્રીટ લાઈટ, રસ્તા, લીફ્ટ, સીક્યુરીટી વિગેરેનો કબજો સંભાળી લેવાનો રહેશે અને આ સઘળી સુવિધાઓ ભા.મ્યુ.કોર્પો.ના નામે સ્થાનીક સંસ્થામાં નોંધાયેલ હશે તો એસોસીએસનના નામે તબદીલ કરાવી લેવાની રહેશે. ત્યારબાદ તેની મરામત / જાળવણી કરવાની રહેશે. અને તેને લગતો તમામ ખર્ચ બીલ એસોસીએશનને ભોગવવાનો રહેશે. આ અંગે ભા.મ્યુ.કોર્પો. ની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૨૫) ભા.મ્યુ.કોર્પો. દ્વારા મકાનની સાથે વસુલવામાં આવેલ મેન્ટેનન્સ ડીપોઝીટની રકમ સામાન્ય સુવિધાઓ તબદીલ કરતી વેળા એ જ એસોસીયેશન બેંક ખાતામાં જમા કરવામાં આવશે. જે રકમમાંથી સમગ્ર વસાહતની સામાન્ય સુવિધાની મરામત/નિભાવની જરૂરી વ્યવસ્થા જે તે એસોસીયેશન દ્વારા જ કરવાની રહેશે.

(૨૬) લાભાર્થી દ્વારા જો પસંદગીના સ્થળની વિગતો ભરવામાં નહી આવે તો અત્રેથી કરવામાં આવેલ ડ્રો મુજબ જે આવાસ ફાળવવામાં આવે તે ફાળવણી સ્વીકારવાની રહેશે. તેમજ લાભાર્થી દ્વારા પસંદગી કરવામાં આવેલ સ્થળો પૈકી કોઇપણ સ્થળ ઉપર આવાસની ફાળવણી કરવામાં આવશે તેવા કિસ્સામાં લાભાર્થી જો આવાસ રદ કરાવશે તો તેમના દ્વારા અરજીપત્રક સાથે ભરવામાં આવેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૨૭) લાભાર્થીને રીફંડ કે ડીપોઝીટની રકમ ચેક/ડી.ડી. થી જ કરવામાં આવશે.

(અરજદારનું પુરૂ નામ) (અરજદારની સહી)

Scanned by CamScanner

-:: સૂચનાઓ ::-

અરજીપત્ર સાથે અન્ય કોઈ દસ્તાવેજ બિડવાના નથી. જ્યારે અરજદાર કોમ્પ્યુટર ડ્રોમાં સફળ થાય ત્યારબાદ ભા.મ્યુ.કોર્પો. દ્વારા અરજદાર પાસે મંગાવવામાં આવે ત્યારે જ દસ્તાવેજો તથા બિડાણ રજૂ કરવાના રહેશે.

(૧) અરજદારે કોઈપણ એક ફોટો ઓળખપત્રની પ્રમાણિત નકલ અને રહેણાંકના આધારની પ્રમાણિત નકલ આપવી ફરજીયાત છે.

(૨) અરજદારે કૌટુંબીક વાર્ષિક આવક માટે મામલતદારનું પ્રમાણપત્ર/રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કરેલ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર આપવું ફરજીયાત છે.

(૩) આરક્ષિત કેટેગરી માટે શરતોમાં જણાવ્યા મુજબ પ્રમાણપત્ર આપવા ફરજીયાત છે.

(૪) અરજદારે અરજી ફોર્મમાં આધાર કાર્ડ મુજબનું નામ ફરજીયાતપણે દર્શાવવાનું રહેશે.

(૫) **આ યોજના માટે કુટુંબ એટલે અરજદાર પોતે, અરજદારના પતિ /પત્ની, સગીર બાળકો તથા આશ્રિત.**

(૬) અરજીપત્રક ઉપર ફોટો સ્ટેપલ કરવો નહીં. માત્ર ગુંદર કે તેવા એડહેસીવ મટીરીયલ થી વ્યવસ્થિત રીતે ચોંટાડેલ હોવો જોઇએ. તેમજ સહી અડધા ફોટા ઉપર અને અડધા ફોર્મ ઉપર આવે તેમ કરવાની રહેશે.

(૭) કોરા અરજીપત્રક ભાવનગર શહેરમાં આવેલ કોટક મહિન્દ્રા બેંક, વાઘાવાડી રોડ પરની શાખા પરથી બેન્કોના ચાલુ દિવસોએ અને બેન્કોના કામકાજના કલાકો દરમ્યાન મેળવી શકાશે. ભા.મ્યુ.કોર્પો. ની કોઈપણ કચેરીથી અરજી પત્રક મળશે નહીં.

(૮) અરજીપત્રક તથા માહિતી પત્રિકાનો સંપૂર્ણ અભ્યાસ કરી ભરેલ અરજીપત્રક તથા તે સાથે ભરવાની રકમ ડી.ડી./પે. ઓર્ડરથી ભાવનગર શહેરમાં આવેલ કોટક મહિન્દ્રા બેંક, વાઘાવાડી રોડ પરની શાખા પર ચાલુ કામકાજના દિવસે તથા નિયત સમયમર્યાદામાં પરત કરવાના રહેશે.

(૯) અરજીપત્રક સાથે અન્ય કોઈ દસ્તાવેજ બિડવાના નથી. જ્યારે અરજીપત્રક કોમ્પ્યુટર ડ્રોમાં સફળ થાય ત્યારબાદ ભા.મ્યુ.કોર્પો. માંગે ત્યારે જ દસ્તાવેજો/આધારો રજૂ કરવાના રહેશે. દસ્તાવેજ/આધારો રજૂ કરવામાં નિષ્ફળ જનારનું અરજીપત્રક રદ કરવામાં આવશે તથા અરજીપત્રક સાથે ભરેલી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૧૦) અરજદારે ખોટી માહિતી આપેલ હશે અથવા તો જો કોઈ સત્ય હકીકત છૂપાવેલ માલુમ પડશે તો તેઓના સાથે કોઈપણ જાતનો પત્ર વ્યવહાર કર્યા સિવાય તેઓની અરજી આપોઆપ રદ થશે અને યોજનામાં ફાળવણીનો તેઓનો હક્ક રહેશે નહીં. તેમજ ભરેલી ડીપોઝીટ પૂરેપૂરી જપ્ત કરવામાં આવશે અને અરજદાર સામે ભા.મ્યુ.કોર્પો. દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

(૧૧) અરજદાર કોમ્પ્યુટરાઇઝડ ડ્રોમાં સફળ થાય તેથી મકાન ફાળવણી અંગે તેઓનો હક્ક થતો નથી. પરંતુ ભા.મ્યુ.કોર્પો. દ્વારા બનાવવામાં આવેલ મકાનોની સંખ્યા પ્રમાણે અધિકૃત હશે અને જરૂરી રકમો આપેલ મુદતમાં ભરેલ હશે તો જ તેઓની અરજી મકાન ફાળવણી માટે વિચારવામાં આવશે.

(૧૨) ઓનલાઈન ફોર્મ તથા ઓનલાઈન નાણાં ભરનારને તેઓની રસીદ પોતે જ ઓનલાઈન પ્રિન્ટ કરી લેવાની રહેશે. જેમાં તેમનો યુનિક આઈ.ડી. નંબર જણાવેલ હશે. (વેબસાઈટ : www.bmcgujarat.com)

(૧૩) અરજદારને અરજીપત્રકમાં જણાવેલ મોબાઈલ નંબર ઉપર કોમ્પ્યુટર ડ્રોમાં સફળ થવાની જાણકારી શક્ય હશે તો એસ.એમ.એસ. થી મોકલવામાં આવશે.

ઉપર ફોર્મમાં જણાવેલ તમામ માહિતી સાચી છે, તેમજ ફોર્મમાં જણાવેલ સુચનાઓ તથા માહિતી પત્રિકામાં લખેલ તમામ વિગતો/શરતો મેં પુરેપુરી વાંચી, સમજી, વિચારીને ભરેલ છે અને ફોર્મમાં જણાવેલ સુચનાઓ તથા માહિતી પત્રિકામાં લખેલ તમામ વિગત/શરતો મને સંપૂર્ણપણે કબુલ અને બંધનકર્તા રહેશે.

તારીખ :...

સ્થળ :...

સહી :...	સહી :...
પુરૂં નામ :...	પુરૂં નામ :...
પુરૂં સરનામું :...	પુરૂં સરનામું :...
....	....

Scanned by CamScanner

પરિશિષ્ટ - ૨

-:: સોગંદનામું ::-

આથી હું સહી કરનાર શ્રી/શ્રીમતી/કુમારી..

ઉંમર વર્ષ આશરે............................ ધંધો........................... રહેવાસી..

....તાલુકો / જિલ્લો...

આથી આ સોગંદનામા દ્વારા નીચે પ્રમાણે અંતઃકરણપૂર્વક જાહેર કરું છું અને પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું.

(૧) કુટુંબના કોઈપણ સભ્યના નામે ભારત ભરમાં માલિકીનું મકાન / પ્લોટ / જમીન નથી. મારા કે / મારી પત્ની / પતિ કે કુટુંબના કોઈપણ સભ્યના નામે રહેણાંકનું મકાન કે ફ્લેટ સરકારી કાયદા હેઠળ કોઈ કો. ઓ. સોસાયટીમાં કે અન્ય રીતે ભાડા ખરીદ યોજના હેઠળ માલિકીનું નથી.

(૨) મારી તથા મારા કુટુંબની બધા સાધનોમાંથી વાર્ષિક આવક રૂ.. છે.

(૩) ભા.મ્યુ.કોર્પો. તરફથી ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે ફાળવવામાં આવનાર મકાનો અંગે જે નીતિ નિયમો કરવામાં આવ્યા છે તે મને બંધનકર્તા છે અને ભવિષ્યમાં જે ફેરફારો કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે.

(૪) ભા.મ્યુ.કોર્પો. તરફથી મને જે મકાન ફાળવવામાં આવશે તેની કિંમતને લગતાં નિયત સમયમાં નિયત હપ્તાની રકમ દંડ કે દંડનીય વ્યાજ, વેરો કે ઈતર રકમ રજીસ્ટ્રેશનનો ખર્ચ/રકમ તે હું ભા.મ્યુ.કોર્પો. જે નક્કી કરે તે અધિકૃત સંસ્થાને ભરપાઈ કરવા બંધાઉ છું.

(૫) ઓછી આવક ધરાવતા વર્ગના લોકોની આ યોજના હેઠળ રચવામાં આવતા એસોશીયેસનનો હું સભ્ય થવા સંમત થાઉ છું અને તેના નીતિનિયમોનું પાલન કરીશ.

(૬) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કોઇપણ યોજનામાં કુટુંબના કોઇપણ સભ્યએ લાભ મેળવેલ નથી જેની હું ખાતરી આપું છું.

(૭) ઉપરોક્ત વિગતો પૈકી કોઈ વિગતો ખોટી ઠરે તો ભા.મ્યુ.કોર્પો. જે કોઈ નિર્ણય કરશે તે મને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

(૮) વધુમાં મને કબુલ મંજુર છે કે, મેં આ યોજનામાં એક જ અરજી કરેલ છે અને તે પણ અસલ અરજીપત્રકમાં જ, કારણ કે અરજીપત્રકની કોઈપણ પ્રકારની નકલ સ્વીકાર્ય નથી. જો કોઈપણ નંબરના અરજીપત્રકની ઝેરોક્ષ કરવામાં આવેલ હશે તો ઝેરોક્ષ તેમજ તે જ નંબરનું અસલ અરજીપત્રક રદ કરવામાં આવશે તેની પણ મને જાણ છે.

સ્થળ : ....

તારીખ : ....

....

અરજદારની સહી

Scanned by CamScanner

ફક્ત કચેરીના ઉપયોગ સારું
(અરજદારે ભરવું નહિ)
પરિશિષ્ટ-૩
...ચેક લીસ્ટ...

ફોર્મ નંબર : PA

અરજીપત્રક :

ક્રમ	વિગત	હા	ના
૧	અરજદારે પોતાનો ફોટો લગાવેલ છે ?		
૨	સોગંદનામું રજુ કરેલ છે ?		
૩	વાર્ષિક આવક રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીની આવક મર્યાદામાં આવે છે કે કેમ ?		
૪	લાભાર્થીએ રહેણાંકનો પુરાવો રજુ કરેલ છે ?		
૫	અરજદારની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ છે કે કેમ ?		
૬	અરજદારના નામે ભારતભરમાં માલિકીનું મકાન/પ્લોટ/જમીન છે કે કેમ ?		
૭	અરજદારે રૂા. ૭,૫૦૦/- ડીપોઝીટ / રજીસ્ટ્રેશન ફી જમા કરાવેલ છે ?		
૮	અરજદારે સહી/અંગુઠો કરેલ છે ?		
૯	અરજદાર, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ/અનુસુચિત જાતિ/અનુજન જાતિ/બક્ષીપંચ/શા.ખો.ખા./ડીફેન્સ પૈકી જે કેટેગરીમાં આવે છે. તેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર સામેલ કરેલ છે ? (જનરલ સિવાય)		
૧૦	અરજદારે યુ.આઈ.ડી. (આધાર કાર્ડ) રજુ કરેલ છે ?		
૧૧	ફોર્મ મંજુર કરવાપાત્ર છે કે કેમ ?		

● ના મંજુર કરવાપાત્ર હોય તો તેનું વિગતવાર કારણ :-

ચકાસણી કરનાર અધિકારીનું નામ :.. સહી ....

ફોર્મ મંજુર કરવામાં આવે છે કે નામંજુર ?.. (મંજુર/નામંજુર સ્વહસ્તે લખવાનું રહેશે.)

જો ફોર્મ ના મંજુર કરવામાં આવે તો તેનું કારણ :..

....

અધિકારી/કર્મચારીની સહી

ફોર્મ નં. : PA

અરજદારશ્રી/શ્રીમતી.. ની અરજી સાથે

રૂા. ....

અંકે રૂપિયા..પુરાનો ડી.ડી./પે.ઓર્ડર નં..............................

તા.............................. નો ઈસ્યુ કરનાર બેંકનું નામ :..............................

તથા..............................બ્રાંચનો અરજીની રકમ પેટે મળેલ છે.

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વતી
સ્વીકારનારની સહી તથા સિક્કો

Scanned by CamScanner

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા, ભાવનગર.

પ્રધાનમંત્રી આવાસ યોજના

આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે રાજય સરકારની સહાય સાથેની ઘરનું ઘર વસાવવાની યોજના

યોજનાનું સ્થળ	ટી.પી. સ્કીમ નં. ૨/એ ફુલસર ફા. પ્લોટ - ૧૬	ટી.પી. સ્કીમ નં. ૨/બી, ફુલસર, ફા. પ્લોટ -૩૨	ટી.પી. સ્કીમ નં. ૦૩, રૂવા ફા. પ્લોટ - ૯૮	ટી.પી. સ્કીમ નં. ૦૩, રૂવા ફા. પ્લોટ - ૧૦૯	ટી.પી. સ્કીમ નં. ૦૮, રૂવા ફા. પ્લોટ - ૩૩
સ્થળનો કોડ	EWS-1	EWS-2	EWS-3	EWS-4	EWS-5
યુનીટની સંખ્યા	૮૯૬	૨૫૬	૧૦૫	૭૨૮	૫૦૪
કચેરીનું નામ	કમિશ્નરશ્રીની કચેરી, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર.				
યોજનાનું નામ	આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટેની આવાસ યોજના (GREEN FIELD)				
કારપેટ એરીયા	૨૯.૬૦ ચો.મી.				
સગવડ	1 BHK (બેડ રૂમ, લિવીંગ રૂમ, કિચન, ડબલ્યુ-સી, બાથ, વોશ.)				
અંદાજીત કિંમત	૬.૦૦ લાખ (જમીનની કિંમત વગર)				
અરજી સાથે ભરવાની થતી રકમ	૭૫૦૦/-				
મેઈન્ટેનન્સ ડીપોઝીટ	૨૫૦૦૦/-				

મુખ્ય વિગતો

(૧) યોજના અંતર્ગત આવાસો અંદાજીત **૨૯.૬૦ ચો.મી.** કાર્પેટ એરીયા **(૩૦૦.૨૦ ચો.ફુટ)** અને અંદાજીત બિલ્ટ અપ એરીયા **૩૪.૮૦ ચો.મી. (૩૪૫.૦૦ ચો. ફુટ)** ના બાંધકામવાળા થશે.

(૨) **અંદાજીત ખરેખર થનાર ખર્ચ રૂા. ૬.૦૦ લાખનો થાય તેમ છે, (જમીનની કિંમત વગર) તે મકાનો લાભાર્થીને મળતી તમામ સરકારી (રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર) ની સહાય ઉપરાંત બાકી રહેતી કિંમત અથવા રૂા. ૩.૦૦ લાખ બે પૈકી ઓછી રકમ લઈને ફાળવવામાં આવશે.**

(૩) મેઈન્ટેનન્સ ડીપોઝીટ પઝેશન વખતે **રૂા. ૨૫,૦૦૦/-** અલગથી ભરવાના રહેશે.

(૪) અન્ય કોઈ લીગલ ચાર્જ ભરવાના થાય તો લાભાર્થીએ ભરવાના રહેશે.

(૫) પાયાની તમામ સગવડો જેવી કે, પાણી પુરવઠો/ગટર લાઈન અને વિજ પુરવઠાની સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

(૬) આંગણવાડી /આરોગ્ય કેન્દ્ર/તાલીમ કેન્દ્ર (ઉમ્મીદ) /બાળકો માટે ક્રિડાંગણ જેવી સુવિધાઓ માપદંડ મુજબ આપવામાં આવશે.

(૭) દર્શાવેલ પ્લાનીંગ અને બાહ્ય દેખાવ સુચિત છે, જેમાં ટેકનીકલ જરૂરીયાત મુજબ ફેરફાર થવાની શક્યતા છે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે. માહીતી પત્રિકામાં પ્લાનમાં દર્શાવેલ ફર્નીચર આ યોજનાનો ભાગ નથી.

(૮) જમીન **૯૯ વર્ષનાં ભાડા** પટ્ટેથી આપવામાં આવશે જેનો સમય પૂર્ણ થયેથી રીન્યુ કરવામાં આવશે.

(૯) અરજી ફોર્મમાં ફરજીયાત વિગતો દર્શાવવામાં આવેલ નહીં હોય તો અને અન્ય માહિતી અધુરી જણાશે તો ફોર્મ રદ કરવામાં આવશે.

Scanned by CamScanner

EWS-1



ટી.પી. સ્કીમ નં. ૨/એ ફુલસર,
ફા. પ્લોટ નં. ૧૬,
આખલોલ જકાતનાકા સામે,
સંસ્કાર વિદ્યાલયથી આગળ,
સ્વપ્ન સાકારની પાસે,
ભાવનગર.

EWS-2



ટી.પી. સ્કીમ નં. ૨/બી,
ફુલસર, ફા. પ્લોટ નં. ૩૨,
કલ્યાણનગરની બાજુમાં,
૧૮.૦૦ મીટર ફુલસર રોડ,
ભાવનગર.

EWS-3

ટી.પી. સ્કીમ નં. ૦૩,
રૂવા ફા. પ્લોટ નં. ૯૮,
ફાતીમા કોન્વેન્ટની પાછળ,
સાગર પાર્ક પાછળ,
ઘોઘા રોડ, ભાવનગર.

EWS-4

ટી.પી. સ્કીમ નં. ૦૩,
રૂવા ફા. પ્લોટનં. ૧૦૯,
વી.પી. સોસાયટી સામે,
જોગર્સ પાર્ક સામે,
એરપોર્ટ રોડ,
સુભાષનગર,
ભાવનગર.

EWS-5

ટી.પી. સ્કીમ નં. ૦૮,
રૂવા ફા. પ્લોટ નં. ૩૩,
માનસ શાંતિ પાર્ક સામે,
બાલા હનુમાન પાસે,
એરપોર્ટ રોડ, ભાવનગર.

ટાઉન પ્લાનીંગ વિભાગ, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ભાવનગર.

Scanned by CamScanner